ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**મિહિર મુકુન્દ ભટ્ટ**
મો. ૯૯૯૮૧ ૮૦૪૭૨

## ફાર્મસી રજિસ્ટ્રેશન માર્ગદર્શન કૅમ્પ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સીલ દ્વારા ફાર્મસી રજિસ્ટ્રેશન માર્ગદર્શન કૅમ્પનું આયોજન આગામી તા. ૩ ઑક્ટોબરના રોજ ૧૦થી ૪ દરમ્યાન ભગવાન મહાવીર કૉલેજ ઑફ ફાર્મસી, સુરત ખાતે કરવામાં આવ્યું છે. આ કૅમ્પમાં ફાર્માસિસ્ટનાં રજિસ્ટ્રેશન, રીઍન્ટ્રી, ગુડ સ્ટન્ડીંગ સર્ટિફિકેટ, સરનામા-નામમાં ફેરફાર, ડુપ્લીકેટ સર્ટિફિકેટ, રિન્યુઅલ રસીદ, ડિગ્રી ઍડિશન વગેરેની અરજી સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે ફોન નં. (૦૭૯) ૨૨૬૮ ૦૦૬૦નો સંપર્ક કરવા જણાવાયું છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા સૅકન્ડરી અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા હાયર સૅકન્ડરી સ્કૂલ, સૅક્ટર-૨૩ ખાતે આયોજિત શિક્ષક દિવસની ઉજવણીમાં ૨૪૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થીની નિરલ પટેલે આચાર્ય, ધોરણ-૧૦ બીની વિદ્યાર્થીની કનિશા રાઠોડે માધ્યમિક વિભાગના સુપરવાઈઝર, ધોરણ-૧૨ ડીની વિદ્યાર્થીની મિત્તલ જયસ્વાલે ઉચ્ચતર માધ્યમિક વિભાગના સુપરવાઈઝર અને ધોરણ-૧૧ ઍફની વિદ્યાર્થીની ઝયનાબ હડાએ વિજ્ઞાન પ્રવાહના સુપરવાઈઝરની ભૂમિકા ભજવી હતી. સમગ્ર દિવસની કામગીરી શિક્ષક બનેલા વિદ્યાર્થીઓ દ્વારા જ સંભાળવામાં આવી હતી. દિવસના અંતે કેટલાક વિદ્યાર્થીઓએ દિવસ દરમ્યાનના પોતાના અનુભવો પણ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યા હતા. આચાર્ય સુધાબેન તથા શાળા પરિવારે શિક્ષક દિવસની આ સફળ ઉજવણી બદલ સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.



શ્રી જયપ્રકાશ વિદ્યાલય, સૅક્ટર-૨૬ ખાતે શિક્ષક દિવસની ઉજવણી ભારે ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. સમગ્ર શૈક્ષણિક કાર્યનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓએ કર્યું હતું. આચાર્ય તરીકે હાર્દિક પ્રજાપતિએ જવાબદારી નિભાવી હતી. કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેના પોતાના અનુભવો સઘળા વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યા હતા. શાળાનાં પ્રમુખ દક્ષાબેન સુથાર તથા આચાર્ય આર ઍન ઉપાધ્યાયે આ ઉજવણીને બિરદાવતાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત તથા અલ્પાહાર આપી તૃપ્ત કર્યા હતા.

# માણસા ખાતે વિજ્ઞાન-ગણિત પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૧૦

જીસીઈઆરટી, ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ગાંધીનગર અને ઍસ ઍસ ચૌધરી વિદ્યાલય, માણસાના સંયુક્ત ઉપક્રમે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સુફલામ્ શાળા વિકાસ સંકુલ-૧, માણસાના વિજ્ઞાન-ગણિત પ્રદર્શનનું આયોજન શ્રી અખિલ આંજણા સેવા મંડળ, માણસા સંચાલિત ઍમ જી ચૌધરી વિદ્યા સંકુલ, માણસા ખાતે કરવામાં આવ્યું હતું.


આ પ્રસંગે આયોજિત ઉદ્‌ઘાટન સમારોહના અધ્યક્ષ તરીકે સેવા મંડળના ચૅરમૅન હરીભાઈ વી ચૌધરી, મુખ્ય મહેમાન તરીકે ઉદ્યોગપતિ ફલજીભાઈ ઍન ચૌધરી તથા ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી ઍસ ઍમ બારડ, અતિથિ વિશેષ તરીકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ડૉ. ટી ઍસ જોષી ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સર્જનશીલ અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણવાળાં બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓનું પ્રદર્શન નિહાળી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.



માણસા તાલુકાની ૨૫થી વધુ શાળાનાં બાળકોએ પોતાની વિવિધ કૃતિઓ સમજૂતિ સહિત આ પ્રદર્શનમાં રજૂ કરી હતી.

સ્વાસ્થ્ય અને પોષણ, નૈસર્ગિક સ્ત્રોતનું વ્યવસ્થાપન, ઉદ્યોગો, કૃષિ અને ખાદ્યસુરક્ષા, ગણિત, આપત્તિ વ્યવસ્થાપન જેવા વિષયો પર વિવિધ પ્રયોગો-કૃતિઓ-ઉપકરણો આ પ્રદર્શન અંતર્ગત રજૂ કરવામાં આવ્યાં હતાં.

# ઓમ લૅન્ડમાર્ક સ્કૂલના વિદ્યાર્થીઓએ કૅન્સર પીડિતો માટે દાન એકત્ર કર્યું





ગાંધીનગર, તા. ૧૦

ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ, ચિલોડાના વિદ્યાર્થીઓએ કૅન્સર પીડિતોની સહાય અર્થે રૂા. ૧ લાખથી વધુ રકમનું દાન એકત્ર કરી માનવતાની જ્યોત પ્રગટાવી છે. શાળાના સઘળા વિભાગોના વિદ્યાર્થીઓએ આ માટે સંવેદનશીલ કામગીરી કરી ફંડફાળાની સહાયથી રૂા. ૧,૦૧,૨૮૭ જેટલી રકમ એકત્ર કરી હતી અને આ રકમ કૅન્સર પીડિત દર્દીઓની સારવાર-સહાય અર્થે ગ્લોબલ કૅન્સર કન્સર્ન ઈન્ડિયા સંસ્થાને અર્પણ કરી હતી. સંસ્થાના જનરલ મૅનેજર આર ઍલ હિરવાણીયાએ પોતાના હસ્તે વિદ્યાર્થીઓના હસ્તે આ રકમનો સ્વીકાર કર્યો હતો. વિદ્યાર્થીઓને તેમની આ ઉમદા કામગીરી બદલ ઓમ ઍજ્યુકેશન કૅમ્પસના સંચાલક અશોકભાઈ રાવલ, પ્રિન્સિપાલ સુનિલ કુમાર, કેસરીસિંહ, પ્રિતીબેન ભાદોરીયા તરફથી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# સેરલિપના વિદ્યાર્થીઓ ગાંધીનગરની એક દિવસીય શૈક્ષણિક મુલાકાતે



ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને નિવૃત્ત આઈએએસ અધિકારી તથા કવિ, સર્જક શ્રી ભાગ્યેશ જહા સાથે વિદ્યાર્થીઓએ મુલાકાત ગોઠવી

ગાંધીનગર, તા. ૧૦

ચારુતર વિદ્યા મંડળ સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ જીવન-કાર્ય અધ્યયન-સંશોધન સંસ્થાન (સેરલિપ) દ્વારા સોમવાર, તા. ૭ સપ્ટેમ્બર-૨૦૧૫ના રોજ ગુજરાત વિધાનસભા, ગુજરાત સરકારના અભિલેખાગાર અને ગુજરાત સાહિત્ય અકાદમીની એક દિવસીય શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત વિધાનસભાની અગાઉ મેળવેલા મંજૂરીપત્ર સાથે વિદ્યાર્થીઓ વિધાનસભાના સચિવશ્રી ડી.એમ. પટેલ અને સેક્શન ઓફિસર શ્રી એસ.કે. ચૌહાણને મળ્યા હતા. વિધાનસભાના ડેપ્યુટી સેકશન ઓફિસર શ્રી અરવિંદ પ્રજાપતિની સાથે વિદ્યાર્થીઓએ વિધાનસભાના ગૃહની મુલાકાત લીધી હતી. વિધાનસભાના ગ્રંથપાલશ્રી એમ.જી. વાઘેલાએ વિધાનસભા ગ્રંથાલયની વિશેષતાઓ વિશે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ ગ્રંથાલયમાંથી જરૂરી પુસ્તકોની નોંધ લઈ ગૃહમાં સત્ર દરમ્યાન ચાલતી ચર્ચાની વિડિયો ફિલ્મ નિહાળી હતી. સેરલિપનાં પીએચ.ડી. (ઈતિહાસ)નાં વિદ્યાર્થીઓ રિયાઝ દીવાન, દિવ્યેશ પટેલ, કલ્પેશ ચૌધરી, અલ્કેશ ચૌધરી, બીના રાઠવા, દીપિકા ડુંગરીયા, ભાવિકા પંડ્યા અને એમ.ફિલનાં કુસુમ રોહિત જોડાયા હતા. શોધાર્થીઓએ અભિલેખાગાર-દફતર ભંડારના અધિક્ષક શ્રી એચ.સી. રાઠવાના માર્ગદર્શનમાં અભિલેખાગારની માહિતી અને મુલાકાત લીધી હતી. અભિલેખાગારના ઓફિસ સુપ્રિટેન્ડેટ શ્રી અરવિંદ કે. પટેલે દફતર ભંડારમાં વિદ્યાર્થીઓને દસ્તાવેજો કેવી રીતે જોવા તથા તેમના વિષય સંબંધિત દસ્તાવેજો ક્યાંથી મળી રહે તેની માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ દફતર ભંડારના રજિસ્ટરમાં પોતાના વિષયને લગતા દસ્તાવેજોની તપાસ કરી હતી. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને નિવૃત્ત આઈએએસ અધિકારી તથા કવિ સર્જકશ્રી ભાગ્યેશ જહા સાથે તેમના કાર્યાલયમાં મુલાકાત યોજાઈ. અકાદમીના ગ્રંથપાલ ડૉ. કિરીટ શુક્લે વિદ્યાર્થીઓને પુસ્તક પ્રકાશન વિભાગની મુલાકાત કરાવી હતી.

# ૨૦૧૭ના અંતે દેશમાં ૫૦૦ મિલિયન ઈન્ટરનેટ યુઝર્સ

## દેશના મોબાઈલ ફોનધારકો મોબાઈલ ફોનનો સૌથી વધુ ઉપયોગ ઍસઍમઍસ માટે કરે છે




દુનિયામાં કૂદકે ને ભૂસકે વધી રહેલી ઈન્ટરનેટની માયાજાળ વિકરાળ સ્વરૂપ ધરી રહી છે. ભારતમાં આગામી બે વર્ષમાં એટલે કે ૨૦૧૭ના અંત સુધીમાં ઈન્ટરનેટ વપરાશકારોની સંખ્યા ૫૦૦ મિલિયન સુધી પહોંચશે જે પૈકી મોબાઈલ ઈન્ટરનેટ વપરાશકારોની સંખ્યા ૩૧૪ મિલિયન સુધી પહોંચી જશે. દિન-પ્રતિદિન સસ્તા થઈ રહેલા મોબાઈલ ફોન અને ઈન્ટરનેટ પ્રોવાઈડર્સ દ્વારા સસ્તી ને વધુ ઝડપી થઈ રહેલી ઈન્ટરનેટ સુવિધાને આ માટેનું કારણ માનવામાં આવે છે.

ઈન્ટરનેટ અને મોબાઈલ ઍસોસિએશન ઑફ ઈન્ડિયા દ્વારા આ અંદાજ બહાર પાડવામાં આવ્યો છે. જેમાં જણાવ્યા અનુસાર ૯૦૫ મિલિયન ભારતીયો ગ્રામ વિસ્તારોમાં નિવાસ કરે છે, જે પૈકીના ૬.૭ ટકા એટલે કે ૬૧ મિલિયન લોકો ઈન્ટરનેટનો નિયમિત વપરાશ કરે છે. અંદાજે ૪.૪ ટકા લોકો સ્માર્ટફોનના માધ્યમથી ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. કૉમ્પ્યુટર કે સાયબર કાફેના માધ્યમથી ઈન્ટરનેટનો ઉપયોગ આજે વધારે થાય છે પરંતુ આગામી દિવસોમાં સસ્તા થતા મોબાઈલ ફોનને કારણે મોબાઈલ ઈન્ટરનેટ વપરાશકારોની સંખ્યા વધશે.

ગત વર્ષના અંત સુધીમાં ભારત દેશમાં ૩જી ઈન્ટરનેટ સર્વિસ વપરાશકારોની સંખ્યા ૮૨ મિલિયન જેટલી હતી, જે ૨૦૧૭ના અંત સુધીમાં ૨૮૪ મિલિયન સુધી પહોંચી જવાનો અંદાજ છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૩માં દેશમાં માત્ર ૨૪ મિલિયન જેટલા ઈન્ટરનેટ કનેકશન્સ હતાં જે ૨૦૧૪માં ઘટીને ૨૦ મિલિયન થયાં અને ૨૦૧૫ના અંત સુધીમાં ૨૨ મિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે. ૨૦૧૬ના અંત સુધીમાં ૨૫ મિલિનય અને ૨૦૧૭ના અંત સુધીમાં આ આંકડો ૨૭ મિલિયન સુધી પહોંચવાનો અંદાજ વ્યક્ત કરાઈ રહ્યો છે.

કનેક્શનના આંકડા જે કંઈ પણ કહેતા હોય, પરંતુ ઈન્ટરનેટના વપરાશકારો સતત વધતા રહ્યા છે એ હકીકત છે.

૨૦૧૩માં દેશમાં ઈન્ટરનેટ વપરાશકારોની સંખ્યા ૧૮૯.૬ મિલિયન હતી, ૨૦૧૪ના અંતમાં ૨૭૮ કરોડ અને ૨૦૧૫ના અંતમાં ૩૫૪ કરોડનો અંદાજ છે. ૨૦૧૬ના અંતે ૪૨૭ અને ૨૦૧૭ના અંતે આ સંખ્યા ૫૦૩ મિલિયન સુધી પહોંચવાનો અંદાજ બાંધવામાં આવી રહ્યો છે.

સ્માર્ટફોન્સને કારણે મોબાઈલ ઈન્ટરનેટનો ઉપયોગ દિવસે ને દિવસે વધી રહ્યો છે એ આપણે જાણીએ છીએ. આમ પણ ભારત એ એવો દેશ છે જેના નાગરિકો પાસે કૉમ્પ્યુટર કરતાં મોબાઈલ ફોન્સની સંખ્યા વધુ છે અને મનોરંજનથી માંડીને ખરીદી સુધી કે સોશિયલ મૅસેજીસથી માંડીને સામાજિક સંબંધ સુધી બધું જ લોકો હવે મોબાઈલ ફોનના માધ્યમથી જ જાળવી રાખે છે. ત્યારે સ્વાભાવિક એવું માનવા આપણું મન પ્રેરાય કે મોબાઈલ ફોન વપરાશકારો મોબાઈલ ફોનનો સૌથી વધુ ઉપયોગ ઈન્ટરનેટ માટે કરતા હશે. પરંતુ એ સાચું નથી. હકીકત એ છે કે દેશના મોબાઈલ ફોનધારકો મોબાઈલ ફોનનો સૌથી વધુ ઉપયોગ ઍસઍમઍસ માટે કરે છે.

મોબાઈલ ફોન એક્ટીવિટી રિપૉર્ટ દર્શાવે છે કે મોબાઈલ ફોનનો ઉપયોગ ૪૫ ટકા ઍસઍમઍસ માટે, ૨૬ ટકા સોશિયલ મૅસેજિંગ માટે, ૧૭ ટકા ઈમેલ માટે, ૧૫ ટકા ઈન્સ્ટન્ટ મૅસેજિંગ માટે, ૧૫ ટકા ઈન્ટરનેટ બ્રાઉઝીંગ માટે, ૧૩ ટકા વિવિધ પ્રકારની ઍપ્સ માટે, ૧૧ ટકા ઑનલાઈન મ્યુઝીક માટે, ૮ ટકા વિડીયો/મોબાઈલ ટીવી માટે, ૭ ટકા શૉપીંગ માટે અને ૭ ટકા ઈમેઈલ માટે કરવામાં આવે છે.

### દુનિયામાં ઈન્ટરનેટ યુઝર્સ

| | |
|---|---|
| ૧૯૯૩ | ૧૪,૧૬૧,૫૭૦ |
| ૧૯૯૪ | ૨૫,૪૫૪ |
| ૧૯૯૫ | ૪૪,૮૩૮,૯૦૦ |
| ૧૯૯૬ | ૭૭,૪૩૩,૮૬૦ |
| ૧૯૯૭ | ૧૨૦,૭૫૮,૩૧૦ |
| ૧૯૯૮ | ૧૮૮,૦૨૩,૯૩૦ |
| ૧૯૯૯ | ૨૮૦,૮૬૬,૬૭૦ |
| ૨૦૦૦ | ૪૧૩,૪૨૫,૧૯૦ |
| ૨૦૦૧ | ૫૦૦,૬૦૯,૨૪૦ |
| ૨૦૦૨ | ૬૬૨,૬૬૩,૬૦૦ |
| ૨૦૦૩ | ૭૭૮,૫૫૫,૬૮૦ |
| ૨૦૦૪ | ૯૧૦,૦૬૦,૧૮૦ |
| ૨૦૦૫ | ૧,૦૨૯,૭૧૭,૯૦૬ |
| ૨૦૦૬ | ૧,૧૫૭,૫૦૦,૦૬૫ |
| ૨૦૦૭ | ૧,૩૭૩,૦૪૦,૫૪૨ |
| ૨૦૦૮ | ૧,૫૬૨,૦૬૭,૫૯૪ |
| ૨૦૦૯ | ૧,૭૫૨,૩૩૩,૧૭૮ |
| ૨૦૧૦ | ૨,૦૩૪,૨૫૯,૩૬૮ |
| ૨૦૧૧ | ૨,૨૭૨,૪૬૩,૦૩૮ |
| ૨૦૧૨ | ૨,૫૧૧,૬૧૫,૫૨૩ |
| ૨૦૧૩ | ૨,૭૧૨,૨૩૯,૫૭૩ |
| ૨૦૧૪* | ૨,૯૨૫,૨૪૯,૩૫૫ |

*(૩૧ જૂન, ૨૦૧૪ સુધી)

### ૪૯ ટકા મહિલાઓ પાસે ઈન્ટરનેટ વપરાશનું કારણ નથી!

દેશના ઈન્ટરનેટ યુઝર્સમાં મહિલાઓની સંખ્યા ત્રીજા ભાગ જેટલી છે એવું ગૂગલ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા સર્વે બાદ જાહેર કરાયું છે અને એવું પણ જાહેર કરવામાં આવ્યું છે કે ૪૯ ટકા જેટલી મહિલાઓને ખબર જ નથી કે તેમને કયા કારણથી ઈન્ટરનેટનો વપરાશ કરવો છે. તેમ છતાં તેઓ બસ ઈન્ટરનેટનો વપરાશ કરે છે. આનું કારણ એ માનવામાં આવી રહ્યું છે કે ભારતીય મહિલાઓમાં ઈન્ટરનેટ વિશેની જાગરૂકતા ઓછી છે અને ઈન્ટરનેટના યોગ્ય વપરાશ કે ફાયદા વિશે તેઓ અજાણ છે.

### ભારત ત્રીજા ક્રમાંકે

ઈન્ટરનેટ વપરાશકારોની સંખ્યા બાબતે દુનિયામાં ભારતનો ક્રમાંક ત્રીજો છે.

૧ જુલાઈ, ૨૦૧૪ના અંતે જાહેર કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે ચાઈનામાં સૌથી વધુ ઈન્ટરનેટ યુઝર્સ છે, જેમની સંખ્યા ૬૪૧, ૬૦૧,૦૭૦ જેટલી છે. બીજો ક્રમ અમેરિકાનો છે, જ્યાં ઈન્ટરનેટ યુઝર્સની સંખ્યા ૨૭૯,૮૩૪,૨૩૨ છે અને ત્રીજા ક્રમે ભારત છે, જ્યાં ઈન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યા ૨૪૩,૧૯૮,૯૨૨ જેટલી છે, જે પૈકી સોશિયલ મીડિયામાં પ્રવૃત્ત લોકોની સંખ્યા ૧૦૬,૦૦૦,૦૦૦ જેટલી છે.

### ઈન્ટરનેટ ફૅક્ટ ફાઈલ (૨૦૧૦)

★ ઈન્ટરનેટ વપરાશકારો પૈકી ૫.૮૫ ટકા પુરુષો છે, ૧૧ ટકા વર્કીંગ વુમન, ૬ ટકા નૉન-વર્કીંગ વુમન અને ૨ ટકા હાઉસવાઈફ છે.
★ ૪૬ ટકા ઈન્ટરનેટ યુઝર્સ ગ્રેજ્યુએટ છે અને ૨૬ ટકા પોસ્ટ ગ્રેજ્યુએટ
★ મહારાષ્ટ્રમાં સૌથી વધુ બ્રૉડબૅન્ડ વપરાશકર્તા(૧.૮ મિલિયન) છે અને મુંબઈમાં સૌથી વધુ ઈન્ટરનેટ યુઝર્સ (૩.૨૪ મિલિયન).
★ ૭.૯૪ ટકા યુઝર્સ ઈમેઈલ માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે, ૭૨ ટકા લોકો ડાઉનલોડીંગ માટે, ૫૬ ટકા ચૅટીંગ માટે, ૫૬ ટકા જૉબ સર્ચ માટે, ૫૪ ટકા સોશિયલ નેટવર્કીંગ માટે અને સર્ચ ઍન્જિન માટે અને ૫૨ ટકા યુઝર્સ ફેસબૂક માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
★ ૨૦ મિલિયન ભારતીયો દરરોજ સોશિયલ નેટવર્કીંગ સાઈટ્સનો ઉપયોગ કરે છે. એક સર્વે એવું પણ જણાવે છે કે ભારતીયો ઈમેઈલ ચૅક કરવા કરતાં સોશિયલ નેટવર્કીંગ માટે ઈન્ટરનેટનો ઉપયોગ વધુ કરે છે.
★ સોશિયલ નેટવર્કીંગ સાઈટ્સ પર જોડાતા ઈન્ટરનેટ યુઝર્સની સંખ્યા પ્રતિવર્ષ ૧૦૦ ટકાના દરે વધી રહી છે.
★ ૭૫ ટકા જેટલા મોબાઈલ ઈન્ટરનેટ યુઝર્સની વય ૨૦થી ૩૦ વર્ષની છે. ૩૫ વર્ષથી વધુ વય ધરાવતા મોબાઈલ ઈન્ટરનેટ યુઝર્સ માત્ર ૫ ટકા જેટલા જ છે.
★ મોબાઈલ ઈન્ટરનેટ યુઝર્સ પૈકી મોટો વર્ગ પુરુષોનો છે - ૮૯ ટકા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હીરો
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
વૅલકમ બૅક
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
હીરો
૧.૩૦

**સ્ક્રીન-૩**
વૅલકમ બૅક
૧૨.૪૫
હીરો
૪.૩૦, ૭.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
સવારે ૧૧.૦૦
ફૅન્ટમ
૨.૧૫, ૧૦.૦૦
હીરો
૫.૧૫
ટ્રાન્સપૉર્ટર-૪ (હિન્દી)
રાત્રે ૮.૦૦

**સ્ક્રીન-૫**
વૅલકમ બૅક
૨.૦૦, ૫.૦૦
હીરો
૧૦.૦૦, ૮.૦૦

## કલા ગુર્જરી દ્વારા ૧૧મી સપ્ટેમ્બરે ગીતોનો કાર્યક્રમ ‘મૌસમ છલકે’

ગાંધીનગર, તા. ૧૦

કલા ગુર્જરી સંસ્થા દ્વારા તેના આઠમા વર્ષના દ્વિતિય કાર્યક્રમ તરીકે મુંબઈના પ્રસિધ્ધ કલાકારો દ્વારા ગીતોના કાર્યક્રમ ‘મૌસમની મસ્તી’નું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થાના પ્રમુખ ઍન પી પટેલે આ અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે મૌસમ, મેળા અને તહેવારોથી છલકાતા શ્રાવણ મહિનામાં મીઠા મધુરા ગુજરાતી ગીત સંગીતની બૌછારથી સંસ્થાના સભ્યોને ભીંજવવા મુંબઈના કલાકારો ઉદય મઝુમદાર અને રેખા ત્રિવેદીના ગીતોનો કાર્યક્રમ આગામી તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૯.૩૧ કલાકે ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સંસ્થાના સૌ સભ્યોને તેમણે અનુરોધ કર્યો છે. સંસ્થામાં જોડાવા માગતા નાગરિકો કાર્યક્રમ પહેલાં ટાઉનહૉલ ખાતે સભ્યપદ મેળવી શકશે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

## જિલ્લાકક્ષાની રમત સ્પર્ધામાં ચૌધરી વિદ્યાલયનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૧૦

જિલ્લાકક્ષાની રમત સ્પર્ધામાં શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક વિદ્યાલયન વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ પ્રદર્શિત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે.

સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા, સૅક્ટર-૧૫ ખાતે આયોજિત આ સ્પર્ધા પૈકી ૧૦૦ મીટર દોડમાં ગૌરવ ભણકારે પ્રથમ, ૧૫૦૦ મીટર દોડમાં દશરથ ડાભીએ પ્રતમ તથા ૩ હજાર મીટર દોડમાં દિલીપ જે રાઠોડે બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

ત્રણેય વિદ્યાર્થીઓની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી. આ વિજેતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને તાલીમ ઉષાબેન તથા સારિકાબેન પાસેથી પ્રાપ્ત થઈ હતી. શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.